GJGS040021212025

| | | | |
|---|---|---|---|
| **આંક** | | | |
| **દાખલ કર્યા તારીખ** | ૦૯ | ૦૬ | ૨૦૨૫ |
| **રજીસ્ટર્ડ કર્યા તારીખ** | ૦૯ | ૦૬ | ૨૦૨૫ |
| **ફેંસલ કર્યા તારીખ** | ૦૧ | ૦૮ | ૨૦૨૬ |
| **સમયગાળોઃ** | **દિવસ** | **માસ** | **વર્ષ** |

**ઉનાના મહેરબાન એડીશ્નલ સિનિયર સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. ઉના, તા. ઉના, જી. ગીર સોમનાથ**

**<u>રે.દિ.મુ.નં. ૯૬/૨૦૨૫</u>**

**વાદીઃ** **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ**
મુખ્ય કચેરી રાજકોટ,
પેટા કચેરી, ઉના-૧.

**<u>વિ રૂ દ્ધ</u>**

**પ્રતિવાદીઃ** **પ્રેમજીભાઇ લાલાભાઇ પરમાર**
ઉ.વ. ૪૭, ધંધો – ખેતી,
રહે. કોબ
તા. ઉના, જી. ગીર સોમનાથ.

દાવોઃ- **<u>વીજ અધિનિયમ ૨૦૦૩ ની કલમ – ૫૦ મુજબ આપેલ પાવરચોરીના બિલની રકમ રૂ. ૨૫,૦૦૧.૮૦ પૈસા વસુલ લેવા અંગે.</u>**

---

**વાદી તરફે વિ.વ.શ્રી** – જે.એન. ભટ્ટ
**પ્રતિવાદી તરફે** – એકતરફી

---

**– ઃ ચુ કા દો ઃ–**

(૧) આ કામના વાદીના દાવાની ટુંક હકીકત એવી છે કે, વાદી સંસ્થા "રીઓર્ગેનાઇઝેશન એન્ડ કો–ઓપરેહેન્સીવ ટ્રાન્સફર સ્કીમ – ર૦૦૩" મુજબ ગવર્મેન્ટ ઓફ ગુજરાતના આદેશ પ્રમાણે અસ્તિત્વમાં આવેલ કંપની છે અને જી.ઈ.બી. ના લેણા – દેણા, સત્તાઓ અધિકારો વિગેરે આ એક્ટ હેઠળ ટ્રાન્સફર થઇ વાદીને પ્રાપ્ત થયેલ છે. વાદીની કોર્પોરેટ ઓફીસ રાજકોટ છે તથા ડીવીઝન ઓફીસ ઉના છે તેમજ સબ ડીવીઝન ઓફીસ ઉના–૧ આવેલ છે. દાવામાં સહી કરનાર વાદી સંસ્થાના અધિકૃત અધિકારી છે. વાદી ગુજરાતમાં તેના વીજ ગ્રાહકોને વીજ પુરવઠો પુરા પાડવાનું કાર્ય કરે છે. પ્રતિવાદી વાદીના ગ્રાહક ન હોય કાયદેસર રીતે વીજ જોડાણ મેળવેલ નથી અને તેઓ કાયદેસર ગ્રાહક નથી. તા. ૦૮/૧૦/ર૦ર૪ ના રોજ પ્રતિવાદીની હાજરીમાં વાદીના અધિકારીઓ દ્વારા પ્રતિવાદીને ઘરે સ્થળ ચેકીંગ રોજકામ અને એનેક્ષર – ૪ મુજબ ચેકીંગ કરતા પ્રતિવાદી વાદી કંપનીની હળવા દબાણની વીજ લાઇનમાં વાયર જોડીને ડાયરેક્ટ પાવરચોરી કરતા પકડી પાડેલ હોય વાદી કંપની તરફથી પ્રતિવાદીને વીજચોરી અંગેનું રૂ. ર૩,૦૧૫.૫૩ પૈસાનું બિલ મોકલાવેલ, જે બિલની રકમ પ્રતિવાદીએ ભરવાની દરકાર કરેલ નથી. જે અંગે વાદી સંસ્થા દ્વારા પ્રતિવાદીને નોટીસ આપવામાં આવેલી તેમ છતાં પ્રતિવાદીએ બિલની રકમ ભરવાની દરકાર કરેલ નથી. વાદીની કંપનીના નિયમ અનુસાર જો કોઇ પણ બિલની રકમ દિવસ – ૧૫ માં ભરપાઇ ન થાય તો ધોરણસરનો ડીલે પેમેન્ટ ચાર્જ વસુલ કરવામાં આવે છે. જે મુજબ પ્રતિવાદી પાસે રૂ. ર૩,૦૧૫.૫૩ પૈસા પાવર ચોરીના બિલના તેમજ રૂ. ૧,૯૮૬.ર૭ પૈસા ડીલે પેમેન્ટ ચાર્જના એમ કુલ મળી રૂ. ર૫,૦૦૧.૮૦ પૈસા વાદી કંપનીના બાકી નીકળતા હોય જે રકમ પ્રતિવાદી પાસેથી દરેક પ્રકારની સ્થાવર તથા જંગમ મિલકત પરથી વાર્ષિક ર૪ ટકાના ચડતા વ્યાજના દરે વસુલ અપાવવા તેમજ દાવાને આનુસંગિક મળતી તમામ દાદ અપાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૨) હાલનો દાવો દાખલ થતા પ્રતિવાદીને હાજર થવા માટે પ્રોસેસ કરતા પ્રતિવાદીને પ્રોસેસ બજી જવા છતાં પ્રતિવાદી તરફે કોઇ હાજર ન રહેતા આંક – ૧ તળે હુકમ કરી તા. ૦૯/૦૨/૨૦૨૬ ના રોજ આ કામના પ્રતિવાદી વિરૂધ્ધનું કામ એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ.

(૩) આ કામે વાદી તરફે પોતાના પક્ષ નિવેદનની હકીકતોને સમર્થન કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ રાખવામાં આવેલ છે.

**– ઃ વાદી તરફે મૌખિક પુરાવો ઃ–**

| | |
|---|---|
| ૧. આંક – ૧૦ | થી વાદી સંસ્થા તરફે કલ્પેશકુમાર કમલેશભાઈ રાઠોડ નું સરતપાસનું સોગંદનામું |

**– ઃ વાદી તરફે દસ્તાવેજી પુરાવાઓ ઃ–**

| | |
|---|---|
| ૧. આંક – ૧૨ | થી સ્થળ પરના રોજકામની ખરીનકલ |
| ૨. આંક – ૧૩ | થી સ્થળ પરનો પ્રતિવાદીના વિદ્યુત જોડાણનો તપાસણી અહેવાલની ખરીનકલ |
| ૩. આંક – ૧૪ | થી સ્થળ પર તૈયાર કરેલ એનેક્ષર – ૪ |
| ૪. આંક – ૧૫ | થી પ્રતિવાદીને આપેલ બિલની કેલ્ક્યુલેશન શીટ |
| ૫. આંક – ૧૬ | થી વાદી સંસ્થા તરફે પ્રતિવાદીને આપવામાં આવેલ બિલની ખરીનકલ |
| ૬. આંક – ૧૭ | થી વાદી સંસ્થાના વકીલશ્રી દ્વારા પ્રતિવાદીને મોકલેલ નોટીસ |
| ૭. આંક – ૧૮ | થી નોટીસનું કવર |
| ૮. આંક – ૧૯ | થી પ્રતિવાદીના ખાતાની નકલ |
| ૯. આંક – ૨૦ | થી વાદી કંપનીએ પ્રતિવાદી સામે કરેલ વીજચોરી અંગેની એફ.આઇ.આર. |

૧૦. આંક – ૨૧ થી પ્રતિવાદી સામે દાવો દાખલ કરવા માટે મળેલ મંજુરી

ત્યારબાદ આ કામે આંક – ૨૨ થી વાદી તરફે ક્લોઝીંગ પુરસીસ રજુ રાખી પુરાવો પુરો થયાનું જાહેર કરવામાં આવેલ છે.

**–ઃ પ્રતિવાદી તરફે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ઃ–**

આ કામના પ્રતિવાદીને પ્રતિવાદી વિરૂદ્ધ દાવો દાખલ થયેલ હોવાની નોટીસ કરી જાણ કરવામાં આવેલ હોવા છતાં આ કામના પ્રતિવાદી અદાલતમાં હાજર થયેલ ન હોય પ્રતિવાદી વિરૂધ્ધ કામ એકતરફી ચાલતું હોય આ કામના પ્રતિવાદી તરફે કોઇ પુરાવો નથી.

(૪) આ કામે મારા પુરોગામી ન્યાયધીશશ્રી દ્વારા આંક – ૯ થી નીચે મુજબના મુદ્દાઓ નક્કી કરવામાં આવેલ.

**–ઃ મુદ્દા ઃ–**

1. Whether the plaintiff proves that the defendent is not his consumer and had committed power theft?
2. Whether the plaintiff proves that he is entitled to recover Rs. 25,001.80 from the defendant?
3. Whether the plaintiff proves that he is entitled to get interest? If yes, at what rate?
4. What order and decree?

(૫) ઉપરોક્ત મુદ્દાઓનો મારા જવાબો નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. હકારમાં

૩. હકારમાં, ૬ ટકા સાદા વ્યાજના દરે.

૪. આખરી હુકમ મુજબ

(૬) આ કામે વાદી તરફે વિ.વ. શ્રીની રજુઆત છે કે, આ કામે અદાલતે નક્કી કરેલ મુદ્ધાઓ વાદી પક્ષે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખી સાબિત કરવામાં આવેલ છે. આ કામે વાદી તરફે સોગંદ પર પુરાવો રજુ રાખી દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખવામાં આવેલ છે અને આ દસ્તાવેજો ખરીનકલ સ્વરૂપે અદાલતના રેકર્ડમાં સાબિત કરવામાં આવેલ છે. આ કામે વાદીની હકીકતોને પડકારવા માટે પ્રતિવાદી તરફે કોઈ હાજર નથી. આ કામના વાદી તરફે પ્રતિવાદી વિરૂદ્ધ કરવામાં આવેલા આક્ષેપો આ હકીકતોએ સાબિત માનવા જોઈએ તેવી સ્થિતિ રહેલ છે. આ કામે પ્રતિવાદીને આપવામાં આવેલ બિલ તથા લેણાની વસુલાત માટે પ્રતિવાદીને આપવામાં આવેલ નોટીસ અદાલતના રેકર્ડ પર રજુ કરવામાં આવેલ છે અને આ દસ્તાવેજો સાબિત કરવામાં તેમજ વાદીએ દાવામાં માંગ્યા મુજબનું લેણું વસુલ મેળવવા વાદી હક્કદાર બનતા હોય તેવી હકીકતો સાબિત કરવામાં વાદી સફળ થાય છે તેવું માનવું જોઈએ તેમ જણાવી દાવો મંજુર કરવા રજુઆત કરવામાં આવેલ છે.

આ કામે પ્રતિવાદી તરફેનું કામ એકતરફી ચાલતુ હોય પ્રતિવાદી તરફે કોઇ દલીલ કરવામાં આવેલ નથી.

**– ઃ કારણો ઃ–**

(૭) **મુદ્ધા નં. ૧ થી ૩ ના કારણોની ચર્ચા**

1. Whether the plaintiff proves that the defendent is not his consumer and had committed power theft?
2. Whether the plaintiff proves that he is entitled to recover Rs. 25,001.80 from the defendant?

3. Whether the plaintiff proves that he is entitled to get interest? If yes, at what rate?

(૮) આ કામે ઉપરોક્ત મુદ્દાઓ તથા કારણો એકબીજા સાથે મળતા આવતા હોય પુનરાવર્તન તથા લંબાણ નિવારવાના હેતુથી આ મુદ્દાઓની ચર્ચા અત્રે એકસાથે કરવામાં આવે છે.

(૯) આ કામે હાલનો દાવો દાખલ કરી આ કામના વાદી તરફે શરૂઆતથી એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામની વાદી સંસ્થાની ઈલેક્ટ્રિસિટી લાઇન માટેના જતા વાયરમાં આ કામના પ્રતિવાદીએ વચ્ચેથી ડાયરેક્ટ વાયર નાખી પાવરચોરી કરેલ હોય તેવી હકીકતો તા. ૦૮/૧૦/૨૦૨૪ ના રોજ વીજચેકીંગ કરતા સમયે માલુમ પડેલ અને તેથી એસસમેન્ટ કરી કલમ – ૧૩૫ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ અને આ કામના પ્રતિવાદીને વીજ બિલ આપવામાં આવેલ. આ કામના પ્રતિવાદી પાસે રહેલ રૂ. ૨૩,૦૧૫.૫૩/– તથા ડી.પી.સી. રૂ. ૧,૯૮૬.૨૭/– એમ કુલ મળી રૂ. ૨૫,૦૦૧.૮૦/– વાદીનું લેણું નીકળે છે. આ રકમ મેળવવા માટે પ્રતિવાદીને નોટીસથી જાણ કરવા છતાં પ્રતિવાદી રકમ ચુકવી આપતા નથી.

(૧૦) આ કામે આંક – ૧૦ થી વાદી સંસ્થાના નાયબ ઈજનેરશ્રી કલ્પેશકુમાર કમલેશભાઈ રાઠોડએ સરતપાસનું સોગંદનામું રાખી દાવાની હકીકતોને સમર્થન કરેલ છે તેમજ તા. ૦૮/૧૦/૨૦૨૪ ના રોજ આ કામના પ્રતિવાદીની હાજરીમાં સ્થળ પર તેઓ તથા વાદી સંસ્થાના અધિકારીઓએ વીજ ચેકીંગ કરેલ અને તે સમયગાળા દરમિયાન આ કામના પ્રતિવાદી વીજ ચોરી કરતા હોવાનું માલુમ પડેલ. આ કામના પ્રતિવાદીના પોતાના રહેણાક મકાનની બાજુમાંથી પસાર થતી હળવા દબાણની લાઇનમાં બિન અધિકૃત વાયરથી વીજચોરી કરેલ હતી જેથી આ કામના પ્રતિવાદીએ કરેલ વીજચોરી બદલ આ કામના પ્રતિવાદીને તકરારી બિલ આપવામાં આવેલું. આ કામના

પ્રતિવાદીએ સદર બિલની રકમ વાદી સંસ્થાને ભરપાઇ કરી આપેલ નથી. આ વીજ ચેકીંગ કર્યા અંગેનું સ્થળ પરનું રોજકામ તથા જરૂરી દસ્તાવેજો તૈયાર કરવામાં આવેલ. જેમાં વાદી સંસ્થાના અધિકારીઓની સહી છે તેમજ આ કામના પ્રતિવાદી પાસે કહેવાતી રકમ કઇ રીતે લેણું થયેલ તે દર્શાવતા ગણતરી પત્રકો તેમજ પ્રતિવાદીને આપવામાં આવેલ બિલની ખરીનકલ તથા નોટીસ વિગેરે દસ્તાવેજી પુરાવાઓ રીફર કરી આંક અપાવવા રજુઆત કરવામાં આવેલ છે.

(૧૧) આ કામે આંક –૧૨ થી સ્થળ પરનું રોજકામ રજુ કરવામાં આવેલ છે જેમાં પ્રેમજીભાઇ લાલાભાઇ પરમાર, સ્થળ – કોબ, તા. ઉના, તા. ૦૮/૧૦/૨૦૨૪, સમય ૭–૧૫ એવું લખેલ રોજકામ રજુ કરવામાં આવેલ છે. આ રોજકામ મુજબ વાદી સંસ્થાના અધિકારીઓ સ્થળ ઉપર હાજર રહેલ અને પ્રતિવાદીની હાજરીમાં પ્રતિવાદીના મકાનમાં વીજ ચેકીંગ કરતા સ્થળ પર કોઇ અધિકૃત વીજજોડાણ જોવા મળેલ નહીં. પ્રતિવાદીએ વાદી કંપનીની હળવા દબાણના વીજ પોલ પરથી વીજલાઇનમાં પ્રાઇવેટ વાયર જોડી બિનઅધિકૃત રીતે ડાયરેક્ટ જોડાણ કરી મકાનમાં ચેકીંગશીટમાં દર્શાવ્યા મુજબના વીજ ઉપકરણો વાપરી વીજચોરી કરતા હોય તેવી હકીકતો લખવામાં આવેલ છે.

(૧૨) આ કામે આંક – ૧૩ થી વીજ જોડાણ તપાસણી અહેવાલ એવા હેડીંગ નીચે તા. ૦૮/૧૦/૨૦૨૪ ના રોજ ઉના તાલુકાના કોબ ગામમાં કરવામાં આવેલ તપાસણી માટેનો અહેવાલ રજુ કરવામાં આવેલ હોય તેવું જણાય આવે છે. જેમાં ગ્રાહકનું નામ પ્રેમજીભાઇ લાલાભાઇ પરમાર લખવામાં આવેલ છે. મીટરની વિગતમાં "બિન ગ્રાહક" તેવું લખવામાં આવેલ છે તેમજ પ્રતિવાદી વાદી કંપનીની હળવા દબાણની લાઇનમાં બિનઅધિકૃત રીતે વીજ જોડાણ કરી વીજચોરી કર્યાની હકીકત તેમજ વીજ સ્થાપન જોડાણના લોડની વિગત લખવામાં આવેલી છે. સદર અહેવાલમાં નીચે ચેકીંગ પાર્ટીના

અધિકારીની સહી કરવામાં આવેલ છે તેમજ હાજર પ્રતિનિધિએ સહી કરેલ નથી તેવું લખવામાં આવેલ છે.

(૧૩) આ કામે આંક – ૧૪ થી એનેક્ષર –૪ એવા હેડીંગ નીચેનું એક ફોર્મ રજુ કરવામાં આવેલ છે. જેમાં વીજળી અધિનિયમ ૨૦૦૩ ની કલમ – ૧૩૫ ની પેટા કલમ – ૨ મુજબ તથા સરકારશ્રીના હુકમ મુજબ મળેલ સત્તાની રૂએ આ કામના પ્રતિવાદીના ઘરે કોબ ગામે ચેકીંગ કરતા બિન અધિકૃત જોડાણ હોવાનું લખવામાં આવેલ છે. આંક – ૧૫ થી પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલ વીજ ચોરી અંગેનું ગણતરી પત્રક રજુ રાખવામાં આવેલ છે. જે મુજબ તા. ૦૮/૧૦/૨૦૨૪ ના રોજ ચેકીંગ કરવામાં આવેલ હોવાનું જણાય આવે છે. આ ચેકીંગ શીટમાં કુલ ૩૬૬ દિવસ ધ્યાને લેવામાં આવેલ હોય તેવું લખવામાં આવેલ છે. આ કામના પ્રતિવાદીએ કરેલ વીજચોરીની ગણતરી બાબતે કુલ ૧૭૫૬ યુનિટનો વપરાશ લખવામાં આવેલ છે તેમજ ફીક્સ ચાર્જ રૂ. ૩૬૬.૦૦/– તેમજ એનર્જી ચાર્જીસ રૂ. ૧૧,૦૩૪.૬૦/– તથા ફ્યુઅલ ચાર્જ રૂ. ૧૦,૦૦૯.૨૦/– મળી કુલ રૂ. ૨૧,૪૦૯.૮૦/– લખવામાં આવેલ છે તેમજ ઇ ડ્યુટી રૂ. ૧,૬૦૫.૭૩ પૈસા તથા કમ્પાઉન્ડીંગ ચાર્જ રૂ. ૨,૦૦૦/– એમ કુલ બિલ રૂ. ૨૫,૦૧૫.૫૩ પૈસાનું આપવામાં આવેલ હોવાનું લખવામાં આવેલ છે. સદર ગણતરી પત્રકમાં નીચે વાદી સંસ્થાના અધિકારીની સહી હોવાનું લખવામાં આવેલ છે.

(૧૪) આ કામે આંક – ૧૬ થી આ કામના પ્રતિવાદીને આપવામાં આવેલ કહેવાતા વીજચોરીના પુરવણી બિલ સાથેની નોટીસ રજુ કરવામાં આવેલ છે. આ બિલમાં કુલ રકમ રૂ. ૨૩,૦૧૫.૫૩ પૈસા વસુલ લેવાની બાકી નીકળતી હોય તેવું લખવામાં આવેલ છે. આ કામ આંક – ૧૭ થી વાદીના વકીલશ્રી મારફત પ્રતિવાદીને નાણા ભરપાઇ કરવા અંગેની નોટીસ રજુ રાખેલ છે. આંક – ૧૮ થી નોટીસનું કવર રજુ રાખેલ છે જે નોટીસ વગર બજ્યે પરત આવેલ હોવાનું જણાઇ આવે છે. આંક – ૧૯ થી પ્રતિવાદીના ખાતાનો લેઝર ઉતારો

રજુ રાખેલ છે જેમાં પ્રતિવાદી બિનગ્રાહક હોય તા. ૦૮/૧૦/૨૦૨૪ થી તા. ૦૮/૦૫/૨૦૨૫ સુધીના પાવર ચોરીના બિલની રકમ રૂ. ૨૩,૦૧૫.૫૩ પૈસા ઉપર રૂ. ૧,૯૮૬.૨૭ પૈસા ડીલે પેમેન્ટ ચાર્જ હોવાનું લખવામાં આવેલ છે. આ કામે આંક – ૨૦ થી વાદી સંસ્થા તરફે જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન, જુનાગઢમાં પ્રતિવાદીના નામે નોંધાવવામાં આવેલ વીજ ચોરીના ગુના અંગેની એફ.આઇ.આર. રજુ રાખેલ છે. તેમાં આરોપીનું નામ આ કામના પ્રતિવાદીનું નામ જણાય આવે છે તેમજ આરોપી વીજકંપનીના ગ્રાહક ન હોવા છતાં પોતાના ઘર વપરાશના હેતુસર લાઇનમાંથી ડાયરેક્ટ વાયર વડે બિન અધિકૃત રીતે વીજ પુરવઠો મેળવી રૂ. ૨૩,૦૧૫.૫૩ પૈસાની વીજ ચોરીના ગુના અંગેની હકીકત લખવામાં આવેલ છે. આંક – ૨૧ થી વાદી સંસ્થા દ્વારા પ્રતિવાદી સામે દાવો દાખલ કરવા માટેની મંજુરીનો હુકમ રજુ રાખેલ છે.

(૧૫) વાદી તરફે રજુ કરવામાં ઉપરોક્ત તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાની હકીકતોને ધ્યાને લેવામાં આવે તો આ કામના વાદી સંસ્થાના જવાબદાર અધિકારીઓ તરફે આ કામના પ્રતિવાદીના મકાનમાં કહેવાતી વીજ ચોરી બાબતે ચેકીંગ કરવામાં આવેલું તેવી હકીકતો વીજ સંસ્થાના ચેકીંગ કરનાર અધિકારીઓના પુરાવાઓથી આ કામના વાદી તરફે સાબિત કરવામાં આવેલ હોય તેવું માનવાને કારણ જણાય આવે છે. વાદી સંસ્થાના અધિકારીઓ જાહેર નોકરની વ્યાખ્યામાં આવે છે. કોઇ પણ જાહેર નોકર પોતાની કાયદેસરની ફરજના ભાગરૂપે જે કંઇ પણ દસ્તાવેજી પુરાવાઓ તૈયાર કરેલા હોય તે દસ્તાવેજો ખરા અને સાચા હોવાનું અનુમાન કરવાની કાયદાની સ્થિતિ રહેલ છે. વાદી સંસ્થાના ચેકીંગ કરનાર અધિકારીઓએ તેઓની ફરજના ભાગરૂપે તેઓની કચેરી તરફે કરવામાં આવેલ આદેશ મુજબ પ્રતિવાદીના ઘરે ચેકીંગ કરવામાં આવેલ તેવી હકીકતો ચેકીંગ કરનાર અધિકારી અદાલત સમક્ષ સોગંદ પરના પુરાવામાં જણાવી રહેલ છે ત્યારે આ હકીકતો ખોટી હોય તેવું અનુમાન કરી શકાય તેવી સ્થિતિ રહેલ નથી. હાલનો દાવો દાખલ થયા અંગેની આ કામના પ્રતિવાદીને જાણ કરવામાં આવેલ હોવા

છતાં આ કામના પ્રતિવાદીએ વાદી સંસ્થાના અધિકારીઓની ઉલટતપાસ કરી પોતાનો બચાવ આગળ લાવવાની કોઈ દરકાર કરેલ નથી તેવા સંજોગોમાં આ કામની વાદી સંસ્થાના અધિકારીઓ જે હકીકતો જણાવી રહેલ છે તે ખરી હોવાનું અનુમાન કરવાની સ્થિતિ જણાય આવે છે.

(૧૬) આ કામના પ્રતિવાદીના ઘરમાં વીજ ચેકીંગ કરવામાં આવેલું અને તે સમયે આ કામના પ્રતિવાદી વાદી સંસ્થાના ગ્રાહક ન હોવા છતાં વાદી સંસ્થાની વીજ લાઇન પરથી બિન અધિકૃત રીતે સ્થળ પર વીજ ચોરી કરતા માલુમ પડેલ હોય તેવી હકીકતો વાદી તરફે શરૂઆતથી જાહેર કરવામાં આવેલ છે તેમજ વાદી સંસ્થાના અધિકારીઓ પોતાના મૌખિક પુરાવામાં તેમજ દસ્તાવેજી પુરાવાઓથી આ વીજ ચોરી થયેલ હોવાની હકીકતો અદાલત સમક્ષ રજુ રાખી રહેલ છે તેમજ દસ્તાવેજી પુરાવાઓ આધારે મૌખિક પુરાવાઓની હકીકતો તથા પક્ષ નિવેદનની હકીકતો સાબિત કરવામાં આવેલ છે. આ કામના પ્રતિવાદીના ઘરે વીજ ચેકીંગ કરતા સમયે પ્રતિવાદીના ઘરમાં કેટલા વીજ ઉપકરણો લગાડવામાં આવેલ હતા તેવી હકીકતો પણ રેકર્ડ પર સાબિત કરવામાં આવેલ છે. આ કામના પ્રતિવાદીને વીજ ચોરીનું બિલ આપવા છતાં તેમજ બાકી રકમ ચુકવી આપવા નોટીસ આપવામાં તેવા સંજોગો ધ્યાને લેતા આ કામના વાદી દાવામાં માંગ્યા મુજબની રકમ પ્રતિવાદી પાસેથી વસુલ મેળવવા હક્કદાર હોય તેવી હકીકતો માનવાને કારણ જણાય આવે છે.

(૧૭) **અદાલતને સિવિલ પ્રોસિજર કોડની કલમ – ૩૪ ની જોગવાઈ મુજબ બાકી રહેતી રકમ છ ટકા લેખે સાદા વ્યાજના દરે વસુલ મેળવવા દાદ આપવાની સત્તા મળેલ છે**. આ કામે વાદી તથા પ્રતિવાદી વચ્ચે વ્યાજ બાબતે કોઇ સમજુતી કરવામાં આવેલ હોય તેવી હકીકતો રેકર્ડ પર લાવવામાં આવેલ નથી. તે તમામ હકીકતો ધ્યાને લેતા આ કામના વાદીને આ કામના પ્રતિવાદી પાસેથી બાકી નીકળતી રકમ **રૂ. ૨૫,૦૦૧.૮૦ પૈસા પર ૬ (છ)**

**ટકા લેખે વ્યાજના દરે વસુલ મેળવવા હક્કદાર હોવાનું ઠરાવવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું માનવાને કારણ જણાય આવે છે.**

(૧૮) ઉપરોક્ત રેકર્ડ પરની તમામ હકીકતો તથા કારણો તથા સંજોગો તથા કાયદાની સ્થિતિ તથા પરિસ્થિતિ ધ્યાને લઈ મુદ્દા નં. ૧ તથા ૨ નો જવાબ હકારમાં તથા મુદ્દા નં. ૩ નો જવાબ અંશતઃહકારમાં આપી મુદ્દા નં. ૪ ના કામે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**– ઃ આખરી હુકમ ઃ–**

(૧) આ કામના વાદીનો હાલનો દાવો આથી અંશતઃ મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) પ્રતિવાદીને આથી આદેશ કરવામાં આવે છે કે, તેઓએ આ કામના વાદીને રૂ. ૨૫,૦૦૧/– ની રકમ વાર્ષિક છ ટકાના સાદા વ્યાજના દરે દાવો દાખલ કર્યાની તારીખથી સદર રકમ વસુલ આપવામાં આવે નહી ત્યાં સુધી ચઢ્યે ચઢ્યી ચુકવી આપવી.

(૩) ખર્ચ સબંધિત કોઇ હુકમ કરવામાં આવતો નથી.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તા. ૧લી, માહે–ઓગસ્ટ, સને – ૨૦૨૬ ના રોજ વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

**સ્થળ. ઉના**
**તા. ૦૧/૦૮/૨૦૨૬**

**(ભાર્ગવ વસંતકુમાર વ્યાસ)**
**એડીશ્નલ સિનિયર સિવિલ જજ**
**ઉના. કોડ નંબર–GJ–01100**